નિસર્ગ સાયન્સ સેન્ટર શહેરની શાળાઓમાં વિજ્ઞાન સફર કાર્યક્રમ યોજશે

@ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૩ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર ૭.૩૨ કલાકનો રહેશે.

● સ્વ.મહેન્દ્રકુમાર બાબુલાલ ભાવસારની વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે રાત્રે ૮.૦૦ કલાકે સે-૩-ન્યુ પ્લોટ નં. ૪૩/૧ ખાતે ગુજરાતના સુપ્રસિધ્ધ અને મધુર વકતા પંડિત અનિલભાઈ પારાશરજીના કંઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

● દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપકમે સવારે ૭.૦૦થી ૮.૧૫ કલાક દરમિયાન સે-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ-ધ્યાન શિબિર યોજાશે.

કચ્છ મિત્ર મંડળ દ્વારા સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૩૦

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા કચ્છી નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે આગામી તા.૧૦મી જુલાઈના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન સેકટર-૨૧ સ્થિત કડી કેમ્પસના બ્રહ્માણી હોલ ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. જેમાં સમાજના સભ્યોને વિદ્યાર્થીઓની માર્કશીટ લાવવા મંડળના મંત્રી નિલેન્દુ વોરાએ જણાવ્યું છે.

લોક વિકાસ મંચની દ્વિતીય વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

લોક વિકાસ મંચ ગાંધીનગર દ્વારા દ્વિતીય વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ગત તા. ૨૦મી માર્ચના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી નોંધ પી.જે. પરમારે વાંચીને સંભળાવી હતી. ખજાનચી જગતસિંહ ચંપાવતે વર્ષ ૨૦૧૫-૧૬ના વાર્ષિક હિસાબો અને કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો તથા આગામી વર્ષ૨૦૧૬-૧૭ની કામગીરી અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સભામાં ચર્ચા વિચારણા દરમિયાન ગાંધીનગરની જનતાને મિલકતવેરાની ચુંગાલમાંથી છોડાવી કરમુકિત અપાવવા બાબતે તથા જનતાને ઉત્તમ સગવડો મળે તે માટેની કોર્પોરેશનમાં અને સરકારમાં રજુઆતો કરવી તે અંગે રજુઆત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો તેમજ રજૂઆતોનું હકારાત્મક પરિણામ નહીં મળે તો લોકવિકાસ મંચ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. આ સામાન્ય સભામાં સંસ્થાના પ્રમુખ ડી.ટી. પટેલ, મંત્રી પી.જે. પરમાર, મહામંત્રી મનુભાઈ મહેતા તેમજ પ્રવકતા મૂળજીભાઈ પરમાર દધિ ઉપસ્થિત રહ્યા હતા.

સે-૫માં વધુ એક વર્કીંગ વુમનનો આપઘાત

નોકરી અને સંસાર બંને સંભાળતી પરિણીતાને અનેક સમસ્યાઓ નડતી હોય છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર તથા આસપાસમાં છેલ્લા ઘણા સમયથી બનેલા પરિણીતાનાં આપઘાતના બનાવોમાં નજર નાંખીએ તો તે પૈકી મોટા ભાગની વર્કીંગ વુમન હોવાનું ધ્યાને આવ્યું છે. એટલે કે નોકરીની સાથે સાથે ઘર સંસાર પણ સંભાળતી પરિણીતાના સામાજીક જીવનમાં અનેક પડકારો તથા મુશ્કેલીઓ આવતી હોય છે જેનો સામનો કરવામાં નિષ્ફળ જતી પરિણીતા આપઘાતનું પગલુ ભરી લે છે શહેરના સે-૫ ખાતે વધુ એક વર્કીંગ વુમને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હોવાનું પોલીસ ચોપડે નોંધાવા પામ્યું છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સે-૫-એ પ્લોટ નં. ૧૨૮૨/૧ ખાતે રહેતી ૩૧ વર્ષીય પરિણીતા રાગીણીબેન કરણસિંહ માટેડા સાણંદ કોર્ટમાં સ્ટેનોગ્રાફર તરીકે નોકરી કરતી હતી. ૯ વર્ષના લગ્નગાળામાં તેમને સાત વર્ષનો દિકરો છે જે એચિવર્સ સ્કુલમાં અભ્યાસ કરે છે. આજે સવારે સાડા છ વાગ્યાના અરસામાં દિકરાને તૈયાર કરીને સ્કુલ બસમાં મોકલી રાગીણીબેન પરત ઘરે આવ્યા હતા. પતિ કરણસિંહ સાથે વાતચીત કરી અને પોતે પિયર જવા ઈચ્છતી હોવાથી પતિને તેણીના પિયર આવવું હોય તો તે અંગે ઈચ્છા શકિતની પૃચ્છા કરી હતી. પતિએ એમ પણ કહ્યું કે મારે નથી આવવું પણ તું જઈ આવ...! આટલી વાતચીત બાદ પતિ મોર્નિંગ વોક પર નીકળી ગયા અને થોડી વાર રહીને પરત આવ્યા ત્યારે ઘરમાં ગયા તો પત્ની રાગીણી પંખે લટકી ગયેલી હાલતમાં હતી. પંખે નાયલોન દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લઈ રાગીણીએ કોઈ કારણોસર આપઘાત કરી લીધો હતો. આપઘાતનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી પી.એસ.આઈ. બોડાણાએ ઉંડી તપાસ આરંભી છે.



પીસ્ટલ વેચવા કોબા પાસે આવેલા બે શખ્સો પકડાયા

મેઈડ ઈન ઈંગ્લેન્ડ લખેલી પીસ્ટલ સાથે અમદાવાદના બે શખ્સોની ગાંધીનગર એસ.ઓ.જી. એ કરી ધરપકડ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક આવેલા કોબા સર્કલ પાસે અમદાવાદનો શખ્સ પીસ્ટલ વેચવા માટે પીસ્ટલ લઈને નીકળ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે કોબા સર્કલ પાસે વોચ ગોઠવી હતી. ગઈ કાલે બે મિત્રો અલગ અલગ રિક્ષામાં કોબા સર્કલ આવ્યા અને એસ.ઓ.જી.ની ટીમે બંનેની ધરપકડ કરી લઈ પીસ્ટલ જપ્ત કરી સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે. મેઈડ ઈન ઈંગ્લેન્ડ લખેલી પીસ્ટલ કોને આપવાની હતી અને કયાંથી લાવ્યા હતા તે ઉપરાંત શું ઈરાદો હતો તે સહિતની પુછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પરાગ ચૌહાણે રથયાત્રાને ધ્યાને રાખીને સઘન પેટ્રોલીંગ તથા વાહનચેકીંગ કરવા તેમજ ગેરકાયદેસર હથિયાર અંગે માહિતી મેળવવા ટીમને સકીય કરી છે. પીએસઆઈ એમ.આર. પુવાર તથા તેમની ટીમના માણસોએ ગઈકાલે ચોકકસ બાતમીને આધારે કોબા સર્કલ પાસે વોચ ગોઠવી હતી. બે અલગ અલગ રીક્ષામાં કોબા સર્કલ પાસે આવી પહોંચેલા અમદાવાદ-વટવા વિસ્તારના મહેબુબ ઉર્ફે કાલુ જમાલુદ્દીન પઠાણ અને સરસપુરના વિનોદ મંગળદાસ અણસારીયાને પકડી પાડયા હતા. તેમની પાસેથી ગેરકાયદેસર મેઈડ ઈન ઈંગ્લેન્ડ લખેલી પીસ્ટલ મળી આવી હતી. એસ.ઓ.જી.ની ટીમે પીસ્ટલ જપ્ત કરી બંને શખ્સોની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસને હથિયાર અને આરોપીઓ સોંપી દીધા છે. પીએસઆઈ એમ.એચ. સોલંકીએ બંનેને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે હથિયાર મધ્યપ્રદેશથી લાવેલા છે અને બંને મિત્રો છે. બીજી તપાસ માટે પુછપરછ ચાલી રહી છે.

સે-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૩-ન્યુ વસાહત મંડળની સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં વસાહત મંડળની નવેસરથી રચના કરાઈ હતી. જેમાં વસાહત મંડળના પ્રમુખ તરીકે જયેશભાઈ આગજા, મહામંત્રી તરીકે દુષ્યંતકુમાર શ્રીમાળી, ઉપપ્રમુખ પદે પી.એમ. અસારી, કાન્તિભાઈ પટેલ, રશ્મીકાંત પંડયા, વી.બી.પરમાર અને સહમંત્રી પદે ભાનુપ્રસાદ શુકલ, સી.એચ. ચૌધરી, તુષાર પંડયા, મહન્દ્રભાઈ પંડિત તથા સંગઠન મંત્રી પદે એલ.જે. ચારેલ, મિનેશ પટેલ, શાંતિલાલ પરમાર, કમલેશ બારોટની વરણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત ખજાનચી માટે ભરતભાઈ એમ. પટેલ, સહ ખજાનચી માટે ભાસ્કરભાઈ બાલપાન્ડે, આંતરિક ઓડીટર માટે અશ્વિનભાઈ શાહ, સબ ઓડીટર માટે રાજુભાઈ પટેલ કાર્યાલય મંત્રી માટે રામજીભાઈ પરમાર, લીગલ એડવાઈઝર માટે સંજીવકુમાર પટેલ, ગ્રુપ કો-ઓર્ડીનેટર માટે સંજયભાઈ ભોંસલે તેમજ કારોબારી સભ્યોની વરણી કરાઈ હતી.

લોક ડાયરાની વાત આવે એટલે ભાતીગળ સંસ્કૃતિની જાણી અજાણી રસકથાઓ સાથે મનોરંજક વાતોનો સુમેળ હોય, મર્યાદિત પરંપરાગત વાદ્યો સાથેનું લોકસંગીત રસ તરબોળ કરતું હોય અને દુહા, છંદ, મુકતકોના શણગાર સાથે લોકગીતોની મોજ હોય. આવો જ એક સુંદર લોક ડાયરો શિવરંજની સંસ્થા દ્વારા 'સ્વરોત્સવ'ના બીજા દિવસે ટાઉનહોલ ખાતે યોજાઈ ગયો. જેમાં સુપ્રસિધ્ધ કલાકાર ભીખુદાન ગઢવી એ શ્રોતાઓને તેમની આગવી શૈલીમાં જ્ઞાન-સંગીત-મનોરંજનની ત્રિવેણી ચાસણી સાથે ભકિતરસ પીરસ્યો હતો.

છેતરપીંડીના ગુનામાં વોન્ટેડ આરોપી નરોડાથી ઝડપાયો

ડભોડા પોલીસ સ્ટેશનમાં ચાલુ વર્ષે દાખલ થયેલા ગુનામાં વોન્ટેડ હતો : ૨ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી, વિશ્વાસઘાત અને મદદગારીના ગુનામાં સુભાષનગર, નોબલનગર, નરોડા વિસ્તારનો રાહુલ અમરત બાવરી નામનો શખ્સ નાસતો ફરતો હતો. આ શખ્સ નરોડામાં નોબલનગર ટી પોઈન્ટ પાસે ફરતો હોવાની બાતમી ડભોડા પોલીસની સર્વેલન્સ સ્કવોર્ડને મળતા વૉચ ગોઠવીને પકડી પાડવામાં આવ્યો હતો. વોન્ટેડ આરોપીની ધરપકડ કરી લઈને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે વધુ પુછપરછ માટે તેના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરીએ આરોપીની પુછપરછ શરુ કરી છે.

વસંતકુંવરબા કન્યા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા.૩૦

વસંતકુંવરબા કન્યા વિદ્યાલયના ધો-૧૨-બીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની હરપ્રિયા પટેલની ગત તા.૨૫મી મેથી ૨૬મી જૂન દરમિયાન યોજાયેલ ક્રિકેટ વેસ્ટ ઝોનલની ટીમમાં પસંદગી થઈ હતી. અંડર-૧૯ ગુજરાત મહિલા ક્રિકેટ ટીમમાં ત્રણ વાર રમી ચુકી છે તથા મુંબઈ ખાતે યોજાયેલી ગુજરાત મહિલા ક્રિકેટ ટીમમાં અંડર-૨૩માં પણ ભાગ લઈ સિધ્ધી મેળવી હતી. આ ઉપરાંત કવીક બોકસીંગ, માર્શલ આર્ટ, કરાટે સહિતની રમતોમાં પણ સિધ્ધી હાંસલ કરી છે. આ બદલ હરપ્રિયા પટેલને શાળાના આચાર્યા મૃદુલાબેન અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર શહેરની શાળાઓમાં વિજ્ઞાન સફર કાર્યક્રમ યોજશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગાંધીનગરની વિવિધ શાળાઓમાં 'વિજ્ઞાન સફર' કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વિજ્ઞાન સફર કાર્યક્રમ યોજવા માટે શાળાઓને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જે વિદ્યાર્થીઓ વિજ્ઞાન કેન્દ્ર પર નથી આવી શકતા તેમના માટે આ કાર્યક્રમ ઉત્તમ તક સમાન છે.

વિજ્ઞાન સફર કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં આવતા હોય તેવા પ્રયોગો, વિવિધ વર્કશોપ જેવા કે મોડેલ રોકેટરી વર્કશોપ, ટેનગ્રામ વર્કશોપ, એરો મોડેલીંગ વર્કશોપ, ફન વીથ કેમેસ્ટ્રી, સાયન્સ ફિલ્મ શૉ, પોપ્યુલર લેકચર્સ વગેરેનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોના કારણે વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય છે અને દરેક બાબતને સમજવા માટે તેમનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે છે જેથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય છે તથા તેમની વૈજ્ઞાનિક સમજ વિકસે છે. ગાંધીનગરની જે શાળાઓને 'વિજ્ઞાન સફર' કાર્યક્રમનું આયોજન કરવું હોય તેમણે નિસર્ગ સાન્યસ સેન્ટરનો સે-૨૩ ખાતે ઘ ટાઈપમાં બ્લોક નં. ૬૧/૧ ખાતે સંપર્ક સાધવા જણાવાયું છે. જે વિદ્યાર્થીઓ સાયન્સ સેન્ટર પર આવી નથી શકતા તેમને પણ વિજ્ઞાન કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ મળે અને જિલ્લાની દૂર દૂરની ગ્રામ્ય વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓ પણ લાભ લઈ શકે તે હેતુથી વિજ્ઞાન સફર કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમ માટે સંસ્થાના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણાનો અથવા શિવાંગ પટેલનો સંપર્ક સાધી વિજ્ઞાન સફરનું આયોજન કરી શકાશે.

૩ વર્ષની બાળકી ઘરેથી રમતા રમતા ચ-૬ સર્કલે પહોંચી ગઈ

સર્કલ પાસે રડતી બાળકીને જોઈને રાહદારીએ પોલીસને બોલાવી : માતા પોલીસ સ્ટેશન ફરીયાદ કરાવવા પહોંચી : ગુમ બાળકી મળી જતા હાશકારો

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૨૧ ખાતે સ્થિત વાસ્તુનિર્માણ સોસાયટીમાં રહેતા નેહલભાઈ ત્રિવેદીની ૩ વર્ષની દિકરી બપોરના અરસામાં ઘર આંગણે રમી રહી હતી. રમતા રમતાં તે ચ-૬ સર્કલ પાસે પહોંચી ગઈ અને ઘર ભુલી ગઈ. સર્કલ પાસે ડુસકા ભરીને રડી રહેલી બાળકી મોનાલી પર રાહદારી યુવકનું ધ્યાન પડતા તેણે તાત્કાલીક પોલીસ કંટ્રોલમાં ફોન કરી માતા પિતાથી વિખુટી પડી જતા રડી રહેલી બાળકી અંગે જાણ કરી હતી. સે-૨૧ પોલીસ ઘટનાસ્થળે જઈને બાળકીને સે-૨૧ પોલીસ મથકમાં લઈ ગઈ હતી. બાળકીના વાલી સુધી પહોંચવા પોલીસે દોડધામ શરુ કરી તે અરસામાં બેબાકળા બનીને પોતાની દીકરી ગુમ થયા અંગેની ફરિયાદ કરવા તેજ બાળકીની માતા અને દાદી પોલીસ સ્ટેશન આવ્યા હતા અને બાળકીને માતા સાથે ભેટો થઈ ગયો હતો. પરિવારે પણ હાશકારો અનુભવ્યો હતો.

વાતવાતમાં

● ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર દ્વારા પ્લાસ્ટિક મુકત શહેરની ઝુંબેશને મળેલ સફળતાથી પ્રેરિત થઈ ચીફ ફાયર ઓફિસર મહેશ મોઢને નવી જવાબદારી સોંપી છે. નવી જવાબદારીમાં મહેશ મોઢને 'દબાણ હટાવો' ઝુંબેશના વડા બનાવવામાં આવ્યા છે.

● શહેરમાં સર્જાયેલા વરસાદી માહોલને પગલે સિગારેટથી માંડીને શરાબ સુધીના માદક દ્રવ્યોનું ચલણ વધ્યું હોવાનું જણાય છે. વરસાદી માહોલને માદક દ્રવ્યો સાથે સીધો સંબંધ હોવાને કારણભૂત મનાઈ રહ્યું છે.

● સોશિયલ મિડીયા જેવા કે વ્હોટેસ એપ, ફેસબુક તથા અન્ય પર હાલ વરસાદને આમંત્રણ આપતા વિવિધ મેસેજીસની ભરમાર જોવા મળી રહી છે. આ મેસેજીસમાં વરસાદને કેન્દ્રમાં રાખી અવનવા કટાક્ષ પણ કરાઈ રહ્યા છે.

● વાવોલના શાલ્વિક હોમ્સમાં એક પોપટનો ત્રાસ ફીરવાર ચાલુ થવા પામ્યો છે. આ પોપટ રહીશોના ઘરમાં ઘુસી મોબાઈલ પર ચાંચ મારી તેના સ્ક્રીન, કી પેડ વગેરેને નુકસાન પહોંચાડે છે.

સિનીયર સિટીઝન મંડળની રચના બાબતે સભા યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સેકટરના સિટીઝનોને મેડીકલ, અકસ્માત, જનરલ વિમાની સ્કીમનો લાભ મળે તેમજ પ્રવાસનો લાભ મળે તેવા શુભ આશયથી ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો માટે સિનીયર સિટીઝન મંડળની રચના કરવા સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૩જી જુલાઈને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે સે-૩-ડી સ્થિત રામજી મંદિરના પટાંગણ ખાતે સભા યોજાશે. આ સમયે સિનીયર સિટીઝન મંડળમાં જોડાવા માંગતા સેકટરના તમામ સિનીયર સિટીઝનોને હાજર રહેવા નરસિંહભાઈ પરમારે જણાવ્યું છે. આ ઉપરાંત સભામાં બંધારણનું વાંચન કરી હોદ્દેદારોની નિમણુંક કરી રજીસ્ટ્રેશન કરાવવા વિચારવામાં આવશે.

હેપ્પી યુથ કલબે ૩૫૦થી વધુ બાળકોને હેપ્પી કર્યા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની હેપ્પી યુથ કલબ દ્વારા તાજેતરમાં શહેરની આસપાસના ગામો જેવા કે સરગાસણ, બોરિજ તથા વાવોલની સરકારી પ્રાથમિક શાળાઓના ૩૫૦થી વધુ જરૂરિયાતમંદ બાળકોને નોટબુક-ચોપડા, કંપાસ બોકસ, પેન-પેન્સિલ વગેરે સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું હતું. આ સાથે સંસ્થાના સભ્યોએ શાળાના બાળકો સાથે સમય વિતાવી તેમને આજીવન વ્યસનથી મુકત રહેવા પ્રેરિત કર્યા હતા અને જીવનમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવી હંમેશા સ્વચ્છતા જાળવવા શપથ લેવડાવ્યા હતા.

હેપ્પી યુથ કલબ દ્વારા સરગાસણની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને નોટબુક-ચોપડા સાથે કંપાસ બોકસનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહીં સંસ્થાના દાતા પિનાબેન રાઠોડના હસ્તે આ શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું. શાળાના બાળકોના બનેલા મ્યુઝિક બેન્ડે મસ્તીભર્યું સંગીત વગાડી હેપ્પી યુથ કલબનો આભાર માન્યો હતો. જેના જવાબમાં સંસ્થાના સભ્યોએ તમામ બાળકોને ચોકલેટ ખવડાવી મ્હોં મીઠું કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા સ્તુતિબેન જોશી તથા કર્મચારીગણનો પ્રોત્સાહક સહકાર સાંપડયો હતો. બોરિજની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને નોટબુક-ચોપડા સાથે પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદિપસિંહ વાઘેલાએ બાળકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવી સ્વચ્છતા જાળવવા શપથ લેવડાવ્યા હતા. હેપ્પી યુથ કલબના યુવા સભ્યો વિજયસિંહ માજીરાણા, પૃથક ઠકકર, દર્શન પટેલ, ઉમંગ સુથાર, હર્ષ ચૌહાણ, પ્રણવ મોદી, હરકિશન વાઘેલા, જય પટેલ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા કાશ્મીરાબેન વ્યાસ તથા રશ્મિબેન સહિતના તમામ કર્મચારીગણનો સુંદર સહકાર સાંપડયો હતો.

વાવોલની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને નોટબુક-ચોપડા સાથે પેન-પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહીં સંસ્થાની મહિલા સભ્યો ભાવના રામી, ચેતના દવે તથા મોના ઉપાધ્યાયના હસ્તે આ શૈક્ષણીક કીટનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા દક્ષાબેન ચૌહાણ તથા એમ.ડી. શાહ પ્રાથમિક શાળાના એસઓ સોનલબા ગોલ અને સરકારી પ્રાથમિક શાળાના કર્મચારીગણનો ઉમળકાભર્યો સહકાર સાંપડયો હતો. સમગ્ર પ્રોજેકટમાં હેપ્પી યુથ કલબના સંયોજક સમીર રામીએ ઉપસ્થિત રહી શાળાના બાળકોને અભ્યાસ તથા વ્યસનમુકત જીવન માટે પ્રેરિત કર્યા હતા તેમજ સંસ્થાના દાતાઓ અને શાળાના સંચાલકોનો આભાર માનવા સાથે હેપ્પી યુથ કલબની પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા હતા.

આવતીકાલે સ્ટાર ડાન્સ એકેડેમીનો સાઉલ ફોર ડાન્સ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની સ્ટાર ડાન્સ એકેડેમી દ્વારા તા. ૨જી જુલાઈએ રાત્રે ૮ કલાકે ટાઉનહોલ ખાતે 'સાઉલ ફોર ડાન્સ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અંજલિ તન્ના તથા હેતલ ભટ્ટી દ્વારા કોરિયોગ્રાફ કરાયેલ વિવિધ ડાન્સ રજુ કરાશે.

'સાઉલ ફોર ડાન્સ' કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત સંગીત નાટય અકાદમીના ચેરમેન યોગેશભાઈ ગઢવી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, જીટીપીએલના પ્રેસિડેન્ટ સાગર રાવ, ઈટીવીના સિનિયર એડીટર દિપકભાઈ રાજાણી, કથ્થક ગુરુ કુમુદબેન ભટ્ટ તથા એડવોકેટ બી.આર. શર્મા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કાર્યક્રમમાં સ્પેશિયલ મહેમાન પદે અભિનેતા રાકેશ પુજારા, સંગીત નિર્દેશક સમીર-માના રાવલ, ડાન્સ કોરિયોગ્રાફર રાજ સિનેજા, લેખક-અભિનેતા-દિગ્દર્શક પ્રકાશ જાડાવાલા, ઈવેન્ટ ઓર્ગેનાઈઝર અભિલાષ ઘોડા, દિગ્દર્શક-લેખક-અભિનેતા દિપક અંતાણી તથા ન્યુઝ ઓફ ગુજરાત ડોટ કોમના શશાંક ત્રિવેદી પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંચાલન મુંબઈના ટીવી-સ્ટેજ આર્ટિસ્ટ રેણુકા સકસેના, લેખક વિરેન ઠકકર તથા વિદ્યાર્થી નિવિદ દેસાઈ દ્વારા કરાશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન બીગશૉટ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા સંભાળવામાં આવશે.

ચિરવિદાય

- સ્વ. મણીબેન શિવાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. રણજીતસિંહ ભવાનસિંહ ગોહિલ, ઉ.વ. ૬૪
- સ્વ. રાગીણીબેન વિશ્વજીત માટેડા, ઉ.વ. ૩૧